# સેટેલાઈટ પોલીસ સ્ટેશન

## રામદેવનગર ચાર રસ્તા, ગુલમહોર મોલની સામે, સેટેલાઈટ અમદાવાદ

ફોન નં-૦૭૯-૨૬૮૬૧૩૩૩ mail id:-polstn-sat-ahd@gujarat.gov.in

**પ્રેસનોટ**

**રીક્ષામા એકલ-દોકલ પેસેન્જરને બેસાડી નજર ચુકવી કિંમતી સર-સામાન રોકડ રૂપિયા તેમજ સોનાના દાગીના ચોરી કરતા ઈસમોને પકડી પાડતી સેટેલાઈટ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ**



અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ નાઓની સુચના મુજબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવીઝન તેમજ **સેટેલાઈટ પોલીસ ઈન્સપેકટરશ્રી પી.ડી. દરજી** નાઓના માર્ગદર્શન હેઠળ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સંબધી ગુન્હા શોધી કાઢવા તેમજ અટકાવવા સારુ જરૂરી સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ **પો.સબ.ઈન્સ. કે.ડી.રવીયા** નાઓ સર્વેલન્સ સ્કોડના સ્ટાફ્ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.સ.ઈ. કે.ડી.રવીયા તથા **અ.પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ બ.નં.૪૯૦૧** નાઓને સંયુકત રીતે બાતમી હકીકત આધારે સેટેલાઈટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૨૪/૨૦૧૯ ઈપીકો કલમ-૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના આરોપીઓને ગુનામા વપરાયેલ તેમજ ચોરીએ ગયેલ મુદ્દામાલ સાથે પકડી ગુનાનો ભેદ ઉકેલી કાયદેસર કાર્યવાહીકરવામા આવેલ છે.

આરોપી:- (૧) મોહમ્મદઆસીફ ઉર્ફે જાડીયો આરીફભાઇ અંસારી ઉ.વ.૩૦ ધંધો- ડ્રાઈવીંગ રહેવાસી- કસબા જુની કોર્ટ ની પાસે અગારવાડા જુની કોર્ટ કડી તા-કડી, જી.મહેસાણા,મુળ રહેવાસી- ગાંવ-જેતપુર પદડી, તા-નગીના,જીલ્લા- બીજનોર ઉત્તર પ્રદેશ

પુર્વ ઈતિહાસ:- સદરી આરોપી અગાઉ સેટેલાઈટ પો.સ્ટે. માધુપુરા પો.સ્ટે. મહેસાણા બી.ડીવીઝન પો.સ્ટે. ખેરાલુ પો.સ્ટે. સિધ્ધપુર પો.સ્ટે. તેમજ અમદાવાદગ્રામ્ય વિસ્તારમા તથા અમદાવાદ શહેર વિસ્તારમા તેઓના સાગરીતો સાથે મળી રીક્ષામા એકલ-દોકલ પેસેંજરોને બેસાડી તેઓના બેગમાંથી રોકડ રૂપિયા તથા સોનાના દાગીના તેમજ કિંમતી સામાનની નજર ચુકવી ચોરી કરી ગુનાઓ કરેલ હોય.

(૨) મોહમ્મદનવાઝ ઉર્ફે સલમાન કાદરી મોહમ્મદયુસુફ શેખ ઉ.વ.૨૮ ધંધો- ડ્રાઈવીંગ રહેવાસી- ૧૯૯ ગજાલા રો હાઉસ ઈમાદ ટાવર પાસે ૧૦૦ ફુટ રિંગ રોડ સરખેજ અમદાવાદ શહેર મુળ રહેવાસી- કુરેશીહો અજીમ ટાવર મસ્તાન હાઉસ હૈદરાબાદ શહેર

પુર્વ ઈતિહાસ:- સદરી ઈસમ પોતના સાગરીતો સાથે મળી સિધ્ધપુર પો.સ્ટે. સને-૨૦૧૮ મા એકલ-દોકલ પેસેંજરોને રીક્ષામા બેસાડી તેઓના બેગમાંથી રોકડ રૂપિયા તથા સોનાના દાગીના તેમજ કિંમતી સામાનની નજર ચુકવી ચોરી કરી ગુનાઓ કરેલ હોય.

મુદ્દામાલ:- એક સોનાની ચેઈન તથા ગુનામા વપરાયેલ નંબર પ્લેટ વિનાની સી.એન.જી રીક્ષા તથા રોકડા રૂપિયા ૧૫૦૦/- મળી કુલ્લે રૂ.૧,૭૧,૫૦૦/-

કામગીરી કરનાર ટીમ:- **પોલીસ. સબ. ઈન્સ.કે.ડી.રવીયા તથા પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ તથા પો.કો નાગરાજભાઈ લાખાભાઈ તથા પો.કો. મેહુલકુમાર હસમુખભાઇ બ.નં.૮૮૨૩ તથા અ.લોકરક્ષક રમેશભાઇ ભુપતભાઇ બ.નં. ૪૮૭ તથા લોકરક્ષક મહેંદ્રસિંહ ભરતસિંહ બ.નં.૧૧૩૬ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહ બ.નં.૧૩૨૯૫ તથા મથુરભાઈ બાબુભાઈ બ.નં.૪૯૬**